માસી-ભાણેજે મળીને ૨૩ તોલાનાં દાગીના સગેવગે કરી નાંખ્યા...!

ચોરીની ફરીયાદ બાદ રહસ્ય પરથી પડદો ઉંચકાતા સસરાએ પુત્રવધુ-ભાણેજ વિરૂદ્ધ છેતરપીંડીની ફરીયાદ આપી : ભાણેજની ધરપકડ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરમાં સેક્ટર-૬ વિસ્તારમાં આજે એક ચર્ચાસ્પદ એવી વિચિત્ર ઘટના બનવા પામી હતી. ઘરમાં સંતાડીને મુકેલા દાગીના સલામત છે કે કેમ તેની ચકાસણી કરવા વડીલે તે સ્થળે જોયું...! સાડા ત્રેવીસ તોલા વજનનાં સોનાનાં દાગીનાં જ તે જગ્યાએથી ગાયબ હતા. હેબતાઈ ગયેલા વડીલે પોલીસ સ્ટેશને ચોરીની ફરીયાદ આપી ત્યારે સમગ્ર બાબત પરથી પડદો ઉંચકાયો કે માસી-ભાણેજે મળીને તે દાગીના સગેવગે કરી નાંખ્યા છે. આ બાબત જાણીને ક્રુજી ગયેલા સસરાએ પોતાની પુત્રવધુ અને ભાણેજ બન્ને વિરૂદ્ધ છેતરપીંડીની ફરીયાદ આપતા ભાણેજની ધરપકડ કરી સે. ૭ પોલીસમથકના પીએસઆઈ એ.કે. ભરવાડે વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર શહેરના સેક્ટર-૬ ખાતે રહેતા ચતુરભાઈ મેવાભાઈ રાવળે તેમની કમાઈના પુંજી સ્વરૂપે બનાવડાવેલા દાગીના સાચવીને ઘરના એક સ્થળે સંતાડેલા હતા. આ દાગીના સહી સલામત છે કે નહી તે જોવા ગયા ત્યારે તેમને ખબર પડી કે ત્યાં જે ૨૩.૫ તોલા વજનના દાગીના મુકયા હતા તે ગાયબ હતા. તાત્કાલિક તેમણે સ્થાનિક પોલીસનો સંપર્ક કરીને ચોરીની ફરીયાદ નોંધાઈ. દરમ્યાન બહાર આવ્યું કે તેમની પુત્રવધુ અંજનાએ તેણીના ભાણેજ ભાવેશ સાથે મળીને બન્નેએ દાગીના સગેવગે કરી નાંખ્યા હતા. અંજના ઘરે જ રહેતી હોવાથી તેણીને દાગીના ક્યાં મુક્યા છે તેનો ખ્યાલ હતો. તેનો લાભ ઉઠાવીને ભાણેજ સાથે મળીને દાગીના સગેવગે કર્યા હતા. સસરાએ પુત્રવધુ અંજના અને તેણીના ભાણેજ ભાવેશ વિરૂદ્ધ છેતરપીંડીની ફરીયાદ આપતા સે. ૭ પોલીસે ગુનો દાખલ કરી ભાણેજની ધરપકડ કરી લીધી છે અને પુત્રવધુની શોધખોળ ચાલી રહી છે.

ઈન્ડેક્ષ-બીના કર્મચારીઓની ધિરાણ સહકારી મંડળી લી.ના હોદ્દેદારો નિમાયા

ઈન્ડેક્ષ બીના કર્મચારીઓની ધિરાણ સહકારી મંડળી લિ.ના વર્ષ ૨૦૧૩-૧૪ માટે ચૂંટાયેલા સભ્યોની એક બેઠક તાજેતરમાં મળી હતી. બેઠકમાં કારોબારીના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

મંડળીના અધ્યક્ષ તરીકે ભરત મોદી, ઉપાધ્યક્ષ તરીકે લિલામ્મા વી.આઈ. મંત્રી તરીકે આર.બી. પટેલ, સહમંત્રી તરીકે જે.આર. શાહ, ખજાનચી તરીકે જે.જી. મોટવાણી તથા સભ્ય તરીકે આર.આર. જોષી, પી.આર. સુથાર, પી.એમ. સોની અને એમ.બી. ઠાકોરની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

રજિસ્ટ્રાર રાજેશ પટેલ જાતે પોતાની માર્કશીટમાં સહી કરશે

અમદાવાદ, તા. ૩

ગુજરાત યુનિવર્સિટી અને વિવાદ એ નવા આવેલા કુલપતિ આદેશપાલ પછી પર્યાય બની ગયા છે. જેમાં આજે યુનિવર્સિટીમાં એક નવો વિવાદ ચર્ચામાં આવ્યો છે. કુલપતિએ હાંકી કાઢેલા રજિસ્ટ્રાર સરદારના સ્થાને પરીક્ષા નિયામક રાજેશ પટેલને રજિસ્ટ્રારનો કાર્યકારી તરીકેનો ચાર્જ સોંપાયો છે. તેમણે પરીક્ષા નિયામક હતા ત્યારે એલએલબીની પરીક્ષા આપી હતી અને હવે જ્યારે પરિણામ આપવાનું છે ત્યારે તે રજિસ્ટ્રારના પદે છે. માટે તેમની માર્કશીટમાં રજિસ્ટ્રાર તરીકે તેમની જ સહિ થશે. ગુજરાત યુનિવર્સિટી અને વિવાદ બંને પર્યાય બની ગયા છે. કુલપતિ આદેશપાલના કારણે યુનિવર્સિટીમાં રોજ એક નવો વિવાદ આકાર લઇ રહ્યો હોય છે. એક નવા વિવાદનો ઉમેરો થઇ રહ્યો છે.

કુલપતિ આદેશપાલ ઈચ્છે તેમ કામ ન કરતા રજિસ્ટ્રાર સરદારને દૂર કરીને તેમના સ્થાને રાતોરાત તેમના વિશ્વાસુ એવા પરીક્ષા નિયામક રાજેશ પટેલને કાર્યકારી રજિસ્ટ્રાર ચાર્જ સોંપી દેવામાં આવ્યો છે. નવા નિમાયેલા કાર્યકારી રજિસ્ટ્રારે તે જ્યારે પરીક્ષા નિયામ હતા ત્યારે એલએલબીની પરીક્ષા આપીહતી. પરીક્ષાનું પરીણામ જાહેર થવાનું છે ત્યારે તેઓ રજિસ્ટ્રાર બનાવી દેવામાં આવ્યા છે. પરિણામે પોતાની માર્કશીટ પર રજિસ્ટ્રાર તરીકે તેમની જ સહિ થશે જે નિયમ વિરૂદ્ધ હોવાથી ભારે વિવાદ ઉભો થયો છે.

એનસીપીના કાર્યકરો સરબજીતના મુદ્દાને લઈને પાકિસ્તાન સામે પોતાની નારાજગી વ્યક્ત કરી હતી અને ઈન્કમટેક્સ ખાતે દેખાવો કર્યા હતા.

પીવાના પાણીના પ્રશ્નના ઉકેલ માટે રાજ્યકક્ષાનો કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૩

રાજ્યના કોઈપણ વિસ્તારમાં ઉનાવા દરમ્યાન પીવાના પાણીની મુશ્કેલી ન સર્જાય અને પાણીના પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે રાજ્યના પાણી પુરવઠા બોર્ડ દ્વારા રાજ્યકક્ષાનો ખાસ કન્ટ્રોલરૂમ શરૂ કરવામાં આવ્યો છે.

ચાલુ વર્ષ દરમ્યાન રાજ્યના સૌરાષ્ટ્ર કચ્છ અને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં અપુરતો વરસાદ થતાં પીવાના પાણીની અછત ઉભી થવા પામી હતી. જેના કારણે રાજ્ય સરકારે આઈ વિસ્તારોમાં અર્ધ અછત જાહેર કરવામાં આવેલી છે.

ચોમાસાને હજુ દોઢ માસ જેટલો સમય બાકી છેઅનેહાલમાંઉનાળોચાલી રહ્યો છે ત્યારે ઉનાળા દરમ્યાન રાજ્યના કોઈ પણ વિસ્તારોમાં પીવાના પાણીની મુશ્કેલી ન સર્જાય અને પીવાના પાણીનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેના નિરાકરણ પાણી પુરવઠા બોર્ડ દ્વારા રાજ્યકક્ષાનો કન્ટ્રોલરૂમ શરૂ કરવામાં આવ્યો છે. જે સવારના ૮ થી સાંજના ૮ વાગ્યા સુધી ચાલુ રહેશે. આ કંટ્રોલરૂમમાં ટેલીફોન નં. ૨૩૨-૨૦૮૫૯ છે. રાજ્યના પ્રશ્નમાં અને ખાસ કરીને ગ્રામજનોને જો પીવાના પાણીના પ્રશ્નો અંગે કોઈ રજુઆત હોય તો ઉપરોક્ત ટેલીફોન ઉપર સંપર્ક કરી શકશે.

આ ઉપરાંત જિલ્લાકક્ષાએ પણ પ્રશ્નોની રજુઆત કરી શકાય તે હેતુથી રાજ્યના તમામ જિલ્લા મથકોએ ૮ થી રાત્રીના ૮ સુધી ખાસ કન્ટ્રોલરૂમ શરૂ કરવામાં આવ્યા છે.

ભાજપાના પ્રદેશ મીડીયાઈન્ચાર્જ ડૉ. જગદીશ ભાવસારે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, કેન્દ્રની કોંગ્રેસના નેતૃત્વમાં દિલ્હીમાં કાર્યરત યુ.પી.એ. સરકારની નિષ્ફળતાઓને જન-જનમાં ઉજાગર કરવા ભાજપા ગુજરાત પ્રદેશ તરફથીઅમદાવાદમાં૪ મેના શનિવારના રોજ આર.ટી.ઓ. કચેરી પાસે, સુભાષબ્રીજ વિશાળ ધરણાં ભાજપાના પ્રદેશ પ્રમુખશ્રી આર.સી. ફળદુની અધ્યક્ષતામાં અને ભાજપાના રાષ્ટ્રીય મહામંત્રીતેમજપ્રવક્તા શ્રી રાજીવપ્રતાપ રૂડીની વિશેષ ઉપસ્થિતિમાંસવારે૯.૩૦ થી ૧૨.૦૦ દરમ્યાન યોજવામાં આવનાર છે. ધરણામાં ભાજપાના અગ્રણી તેમજ રાજ્યસભાના સાંસદ શ્રી પરશોત્તમભાઈ રૂપાલા, ભાજપાના પ્રદેશ ઉપાધ્યક્ષ તેમજ પ્રવક્તા શ્રી આઈ.કે. જાડેજા, પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી કૌશિકભાઈ પટેલ, પ્રદેશ હોદ્દેદારો, ધારાસભ્યશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ-અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

વધુમાં જણાવ્યું છે કે, કેન્દ્રની કોંગ્રેસના નેતૃત્વવાળી યુ.પી.એ. સરકારની નિષ્ફળ વિદેશનીતિ, ભ્રષ્ટાચાર, આંતરિક-બાહ્ય અસલામતી, આતંકવાદ, મોંઘવારી જેવા મુદ્દાઓને આ વિશાળ ધરણાનાં માધ્યમથી વક્તાઓ ઉજાગર કરશે. આ ઉપરાંત ભાજપાના શહેર અધ્યક્ષ શ્રી રાકેશભાઈ શાહના માર્ગદર્શન હેઠળ રાણીપ, નારણપુરા, અસારવા, દરિયાપુર વિધાનસભાના કાર્યકરો સુત્રોચ્ચાર અને જનજાગૃતિ રેલી યોજીને ધરણાંના સ્થળે પહોંચશે.

કેન્દ્રની કોંગ્રેસના નેતૃત્વની સરકાર તમામ મોરચે નિષ્ફળ પૂરવાર થઈ છે ત્યારે, 'કોંગ્રેસ હટાવો, દેશ બચાવો' તેમજ 'વડાપ્રધાન ડૉ. મનોહનસિંહ રાજીનામું આપો' માંગને આ ધરણાંના કાર્યક્રમ બાદ વધુ આંદોલનાત્મક કાર્યક્રમો દ્વારા ઉગ્ર બનાવશે.

વીએસ હોસ્પિટલનું બિલ્ડીંગ તોડાશે તો ઉગ્ર આંદોલન થશે

અમદાવાદ, તા. ૩

મ્યુનિ. કોર્પોરેશન સંચાલિત વી.એસ. હોસ્પિટલના બિલ્ડીગનો રક્ષિત સ્મારકમાં સમાવેશ કરવો જોઈએ અને પુરાતત્વ ખાતા દ્વારા તેનો રક્ષિત બિલ્ડીંગ તરીકે સમાવેશ કરવા તાકીદે કાર્યવાહી કરવી જોઈએ એવી કોંગ્રેસ પક્ષે માંગણી કરી છે.

આ ઉપરાંત જો સત્તાધારી ભાજપ દ્વારા હયાત બિલ્ડીંગ તોડવાનો પ્રયાસ થશે તો આંદોલન કરવાની ચીકી કોંગ્રેસ આપી છે. વિરોધપક્ષના નેતા બદરૂદ્દીન શેખે જણાવ્યું છે કે વી.એસ. હોસ્પિટલનો વહીવટ મેનેજમેન્ટ બોર્ડ દ્વારા જ કરવામાં આવતો હતો જે સત્તાધારી પક્ષ દ્વારા તેનો વહીવટ મનસ્વી રીતે કરી શકાય તેમજ પોતાના મળતીયાને પણ સમાવી શકાય અને સાચવી શકાય તેવા બદઈરાદાપૂર્વક રીતે વી.એસ. બોર્ડની બેઠકમાં તાકીદનું કામ લાવી બહુમતીના જોરે તે કામ ટ્રસ્ટીઓ તથા દાતા સભ્યના વિરોધ સાથે મજુર કરેલું તે કામ કોઈ કાયદાકીય મડાગાંઠ ઉભી ના થાય તેમજ તેને કોઈ પડકારે નહીં તેવા બદઈરાદાથી જનરલ બોર્ડમાં તાકીદના કામ તરીકે લાવવામાં આવેલું અને બદઈરાદાપૂર્વક ધોંધાટભર્યુ વાતાવરણસર્જીને સત્તાધારી પક્ષ દ્વારા તે કામ કોઈ ચર્ચા વિના પાછલા પારણેથી મંજુર કર્યું હતું. તેવી જ રીતે મ્યુ. કોર્પોરેશનની ગઈ કાલે મળેલી સ્ટેન્ડીંગ કમિટીમાં તાકીદનું કામ લાવી નવી બનાનાર મલ્ટીસ્ટોરીડ મલ્ટી-સ્પેશીયાલીટી હોસ્પિટલને સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ સાયન્સ એન્ડ રીસર્ચ નામાભિધાન કરવાનું કામ મંજુર કર્યું છે. સત્તાધારી ભાજપ દ્વારા નવી બનનાર મલ્ટી સ્પેશીયાલીટી હોસ્પિટલને સરદાર વલ્લભભાઈ પટેલના નામ સાથે જોડવાનો પ્રયાસ આવકાર્ય તેમજ સરાહનીય છે.

અમદાવાદના નારોલમાં સોલવન્ટની ફેક્ટરીમાં આગ ફાટી નીકળતા ભારે અફડાતફડી મચી ગઈ હતી.

શબ્દાવલી - ૫૦૫૪



આડી ચાવી

૧. રંગીલા મિજાજનો (૫)
૫. નુકશાન (૨)
૭. પગના વાઢિયા પડે તેને... ગરમી કહેવાય (૨)
૮. શરમ હયા (૫)
૧૦. ... લક્ષ્મણ જાનકી, જય બોલો હનુમાનકી (૨)
૧૧. કોઈક નાગને માથે... હોય છે તેવી માન્યતા છે (૨)
૧૨. ઝાકળ, ઓસ (૪)
૧૫. વિચાર, વોટ (૨)
૧૬. ગૌરી, ગાવલડી (૨)
૧૭. પૃથ્વી, ધરણી (૨)
૧૮. પુરા ભરેલા ઘડામાંથી પાણીનું (૪)
૨૦. કંકુ મુકવાની ખાસ પ્રકારની વાટકી (૪)

ઊભી ચાવી

૧. છેતરાઈ જવું, ... થવી (૫)
૨. લજાઈ જાય તેવો એક છોડ (૪)
૩. બિલ્લી (૩)
૪. હોટલ, રેસ્ટોરન્ટ (૨)
૫. ... જીત, હારી જવું (૨)
૬. નિયમ (૨)
૯. લીંબુ પાની (૪)
૧૨. સપનું (૩)
૧૩. સાડલાનો માથે ઓઢે તે ભાગ (૫)
૧૪. લાયક હોવું તે (૪)
૧૬. માણસના મોંની બે બાજુમાંનો દરેક ભાગ (૨)
૧૮. પ્રપંચ (૨)
૧૯. વહેમ (૨)

શબ્દાવલી ૫૦૫૩ના જવાબ

આડી ચાવી :- (૧) નિકાસ (૩) ઘડાબુડ (૬) સમ (૭) પાડ (૮) રણ (૧૦) તકદીર (૧૧) ખેતર (૧૩) વ્યતીત (૧૭) ડામીસ (૧૮) તલસાટ (૨૧) મીનારો (૨૨) લકીર (૨૩) શ્વાસ

ઊભી ચાવી :- (૧) નિસરણી (૨) કામણ (૩) ઘડતર (૪) બુજદીલ (૫) ડગર (૧૧) ખેતી (૧૨) તતડાટ (૧૪) ડીસમીસ (૧૫) અવરોધ (૧૬) કતલ (૧૯) લકી (૨૦) સાર

સીએનમાં ફી વધારા મુદ્દે વાલીઓના દેખાવો

વધારો પાછો ન ખેંચાય ત્યાં સુધી ફી ન ભરવાની ચિમકી

ધોરણ એકથી આઠની ફીમાં કરવામાં આવેલા વધારાના પરિણામે જોરદાર વિવાદ: વાલીઓ લડાયક મૂડમાં આવ્યા

અમદાવાદ, તા. ૩

અમદાવાદની પ્રતિષ્ઠિત અને સૌથી જુની શાળાઓ પૈકીની એક એવી સી.એન. વિદ્યાલયમાં ધોરણ-૧થી ૮ની ફી માં કરાયેલ વધારાના કારણે વિવાદ સર્જાયો છે. ફી વધારો પાછો ખેંચવો, અંગ્રેજી કેન્દ્ર, સ્પોટર્સ એકેડમી, ઉદ્યોગ ફી અને એકસ્ટ્રા એક્ટિવીટી વગેરે જેવી ફી ફરજીયાત ન રાખવાની માંગ સાથે આજે વાલીઓએ શાળાનાં કેમ્પસમાં એકઠા થઈને દેખાવો કર્યા હતા. જોકે રજુઆત કરવા પહોચેલ વાલીઓને સંસ્થાના ડિરેક્ટર સાથે મુલાકાત થઈ શકી નથી. જેથી ઉશ્કેરાયેલા વાલીઓએ જ્યાં સુધી સંપૂર્ણ ફી વધારો પાછો ન ખેંચાય ત્યાં સુધી ફી ન ભરવા તેમજ રોજ શાળાનાં કેમ્પસમાં એકઠા થવાની ચિમકી ઉચ્ચારી હતી. અમદાવાદની પ્રતિષ્ઠિત એવી સી.એન. વિદ્યાલયમાં ધોરણ-૧ થી ૮માં છેલ્લા પાંચ વર્ષથી દર વર્ષે ફી માં ઉત્તરો ઉત્તર વધારો કરવામાં આવી રહ્યો છે. એટલું જ નહીં અંગ્રેજી કેન્દ્ર, ઉદ્યોગ ફી, સ્પોટર્સ એકેડમી અને એકસ્ટ્રા એક્ટિવીટી જેવી ફીઓ આ વર્ષથી ફરજીયાત ઉઘરાવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેનાં કારણે શાળાના પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓમાં રોષ વ્યાપી ગયો હતો. આ મુદ્દે સાથે ધોરણ ૫ થી ૮ના વાલીઓ સી.એન. વિદ્યાલય ખાતે એકઠા થયા હતા. જેમાં વાલીઓએ ફી વધારો સંપૂર્ણ પણે પાછો ખેંચવાની માંગ કરી હતી. તેમજ શાળાના સંકુલમાં ગુણવત્તાયુક્ત પીવાના પાણીની વ્યવસ્થા હોવી જોઈએ, ટોયલેટમાં સાફ-સફાઈમા નિયમિત સફાઈ કરી ગંદકી સાફ કરવી, ગુણવત્તાયુક્ત શિક્ષકોની નિમણુંક, શાળાના દરેક વિભાગ સંકુલમાં આઉટ ગોઈંગ પોનની વ્યવસ્થા જેવી સુવિધાઓ વિકસાવવા માટે વાલીઓએ માંગ કરી હતી. આ માંગોની રજુઆતો માટે વાલીઓ શાળાના ડીરેક્ટર પુરાણીને મળવાનો પ્રયાસ કર્યો હતો. જોકે તેમણે વાલીઓ સાથે મુલાકાત કરવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી. આથી વાલીઓએ શાળાનાં ચેરમેનને મળીને રજુઆત કરાઈ હતી. આ વાલી મંડળના અગ્રણી પંકજ શ્રીમાળીએ જણાવ્યું હતું કે જ્યાં સુધી ફી વધારો સંપૂર્ણપણે પાછો ખેંચવામાં નહી આવે ત્યાં સુધી આ લડત ચાલુ રહેશે. આવતીકાલે સવારે આઠ વાગ્યે ફરીથી શાળાના કેમ્પસમાં વાલી મંડળના સભ્યો એકઠા થશે અને જ્યાં સુધી ફી વધારો પાછો ખેંચવા સહીતના મુદ્દાઓનું નિરાકરણ નહી આવે ત્યાં સુધી રોજ વાલીઓ શાળાના કેમ્પસમાં એકઠા થઈ વિરોધ પ્રદર્શન કરવામાં આવશે.

પોલીસની વોચ.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પર પોલીસની નજર નાંખી એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જિલ્લા પોલીસ વડા શરદ સિંઘલે ગાંધીનગર એસ.ઓ.જી. પી.આઈ.ને સુચના આપી દીધી છે કે જિલ્લાના તમામ પેટ્રોલપંપો તથા નાની-મોટી બેંકો ઉપરાંત જ્યાં ડેઈલી મની ટ્રાન્જેક્શન વધુ હોય તેવા તમામ એકમો પર 'ફેક કરન્સી ડિટેક્ટર' રાખવા તાકીદ કરવી. જેને આધારે તે દિશઆમાં પોલીસે કામગીરી આરંભી દીધી છે અને બનાવટી ચલણી નોટના એક મોટા નેટવર્ક પર વોચ રાખી તેનો પર્દાફાસ કરવા સુચના આપી દેવામાં આવી છે.

એસ્સારને ફાળવેલી જમીનના મુદ્દે કેન્દ્રની મંજુરી મેળવો

પર્યાવરણીય મંજુરી ન મળે તો બિલ્ડીંગ તોડી પાડવા હાઈકોર્ટનો આદેશ

અમદાવાદ, તા. ૩

ગુજરાત હાઈકોર્ટે આજે રાજ્ય સરકાર દ્વારા એસ્સાર સ્ટીલને સુરતના હજીરા પાસે ફાળવેલી ૨,૭૬,૦૦૦ સ્કે.ફીટ જમીન સંદર્ભે કેન્દ્ર સરકારની એન્વાયરમેન્ટ મિનિસ્ટ્રની પરવાનગી લેવાનો હુકમ કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત સરકારે સ્ટીલ ઉત્પાદન ક્ષેત્રે અગ્રણી એસ્સાર કંપનીને સુરત પાસે આવેલા હજીરામાં મોટા પ્રમાણમાં જમીન ફાળવી હતી. નોંધનીય છે કે આ જમીન જંગલ ખાતાની હદમાં આવતી હોવાથી કેન્દ્ર સરકારની એન્વાયરમેન્ટ મિનિસ્ટ્રીની પરવાનગી લેવી અત્યંત આવશ્યક છે. હાઈકોર્ટના ચીફ જસ્ટિસ ભાસ્કર ભટ્ટાચાર્ય અને જેબી પારકીવાલાએ અવલોકનમાં જણાવ્યું હતું કે જો રાજયસરકાર આ જમીન માટેની પરવાનગી મેળવવામાં અસફળ રહે તો એસ્સારે આ જમીન પર બાધેલી બિલ્ડીંગને ચાર અઠવાડીયાના સમયગાળામાં તોડી પાડવાની રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીએ વિવિધ કંપનીઓને ગુજરાતમાં ખેચવા માટે રાહતના ભાવે મોટા પ્રમાણમાં જંગલ ખાતાની હદમાં આવતી જમીનોની ફાળવણી કરી છે. નરેન્દ્ર મોદીએ આ અગાઉ નેનો પ્રોજેક્ટને ગુજરાતમાં લાવવા માટે પણ મોટા પ્રમાણમાં રાહતના ભાવે જમીનની ફાળવણી કરી છે.

પેટાચૂંટણી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પરથી જીતેલા કોંગ્રેસના સાંસદ સોમાભાઈ પટેલે બેમાંતી એક લોકસભાની બેઠક જાળવી રાખતા લિંબડીની બેઠક પરથી રાજીનામું આપ્યું હતું.

એ જ રીતે કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયેલા પાટીદાર સમાજના અગ્રણી વિઠ્ઠલ રાદડીયાએ ધોરાજી બેઠક પરથી અને તેમના જયેશ રાદડીયાએ જેતપુર બેઠક પરથી રાજીનામું આપતા વિધાનસભાની કુલ ચાર બેઠકો ખાલી પડી છે. વિઠ્ઠલ રાદડીયા કોંગ્રેસના સાંસદ પણ હતા. ધોરાજીની બેઠક ખાલી કરી તે અગાઉ તેમણે પોરબંદર સંસદીય બેઠક પરથી રાજીનામું આપતાં આ બેઠક ખાલી પડી હતી. બનાસકાંઠાના કોંગ્રેસના સાંસદ મુકેશ ગઢવીનું ટુંકી માંદગી બાદ નિધન થતાં આ બેઠક પણ ખાલી પડી છે આમ, વિભાનસભાની ચાર અને લોકસભાની બે બેઠકો મળીને કુલ ૬ બેઠકોની ચૂંટણીઓ યોજાશે ત્યારે મીની વિધાનસભા ચૂંટણીઓનો માહોલ જોવા મળે તો નવાઈ નહીં. પાંચ જિલ્લામાં આઠમી મેથી પેટાચૂંટણીઓનો સમાવેશ થાય છે. આ જિલ્લાઓમાં ચાચારસંહિતા અમલી થથી સરકારી કર્મચારીઓ કે અધિકારીઓની બદલીઓ હાલમાં થઈ શકશે નહીં. નોંધનીય છે કે પેટાચૂંટણીઓ જાહેર થાય તે પહેલા જ રાજ્ય સરકારે આ જિલ્લામાં કલેક્ટર સહિત અન્ય અધિકારીઓની બદલીઓ કરી છે. ગણત્રીના દિવસોમાં ભાજપ, કોંગ્રેસ, જીપીપી વગેરે રાજકીય પક્ષો દ્વારા પેટાચૂંટણીના ઉમેદવારો પસંદ કરવાની અને જાહેર કરવાની પ્રક્રિયા હાથ ધરાશે. પેટાચૂંટણીના કાર્યક્રમની જાહેરાત થવાની સાથે ભાજપ અને કોંગ્રેસમાં રાજકીય ઉત્તેજના જામી ગઈ છે.

ગાંધીનગરના ગગનમાંથી..

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

છે. ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારો પણ ભારે ગરમીની ચપેટમાં આવી ગયા છે. દિવસે કામ કરવાને બદલે વહેલી સવારનો અને સાંજનો સમય ખેડૂતોએ પસંદ કર્યો છે. ખેત મજૂરો પણ ગરમીથી બચવા માટે કામથી દૂર રહ્યા હતા. ગ્રામ્ય વિસ્તારો પણ સુમસામ જણાતા હતા.

ભારે ગરમીના કારણે બરફ અને ઠંડા પાણી તથા ઠંડા પીણાની માંગમાં જબરજસ્ત ઉછાળો આવ્યો છે. આ ઉપરાંત ઠંડી છાશ, લસ્સી અને આઈસક્રીમનું વેચાણ સતત વધી રહ્યું છે. ગરમીથી તોબા પોકારી ઉઠેલા વસાહતીઓ ગરમીથી રાહત મેળવવા માટે મોડી રાત્રે ફરવા નીકળે છે. ઠંડક હોય તેવા બગીચામાં અથવા ફુવારાની નજીક બેસી તેઓ સમય પસાર કરે છે. છેલ્લા ઘણા દિવસોથી પડી રહેલી આકરી ગરમીથી કંટાળેલા વસાહતીઓ હવે ગરમીમાં થોડીક રાહત મળે તેવી પ્રાર્થના કરી રહ્યા છે.

રક્ષા શક્તિ યુનિવર્સિટી
ન્યુ મેન્ટલ કોર્નર, મેદાણીનગર, અમદાવાદ-૩૮૦૦૧૬

વાહન હંકારનારની સેવા પૂરી પાડવા અંગે

અત્રેની યુનિવર્સિટી ખાતે વાહન હંકારનારની સેવા પૂરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ટેન્ડરો સંલગ્ન કવરમાં પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ અલગ કવરમાં મંગાવવા જાહેર નિવિદા પ્રસિદ્ધ કરવામાં આવેલ. સદરહુ બાબતે ટેન્ડર ફોર્મ સ્વીકારવાની તારીખ લંબાવીને તા. ૨૧/૫/૨૦૧૩ના૧૬-૦૦ વગ્યે કરવામાં આવેલ છે. તેમજ પ્રિ-બીડ બેઠક તા. ૯/૫/૨૦૧૩ના રોજ રાખવામાં આવેલ છે. બાકીની તમામ બાબત યથાવત રહે છે. વધુ વિગતો માટે યુનિવર્સિટી વેબસાઈટ : www.rakshashaktiuniversity જોવા વિનંતી છે.

ક્રમાંક/સંમાનિ/અબદ/૧૮૦/૨૦૧૩ — રજિસ્ટ્રાર